# પાલનપુર નગરપાલિકાના ઉપપ્રમુખની આત્મવિલોપનની ચિમકી પ્રકરણનો સુખદ અંત

## કલેક્ટર ધ્વારા નગરપાલિકા નિયામકને અહેવાલ સુપ્રત કરાયો : કલેક્ટર ધ્વારા લેખિત જવાબ અપાયો : કલેક્ટર કચેરીના પ્રાંગણમાં પોલીસે સર્તક બની ભર્યો પહેરો : સુખદ અંત આવતા પોલીસે અનુભવ્યો હાશકારો

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ચાલતા ભ્રષ્ટાચારને બેનકાબ કરવા ખુદ પાલિકા ઉપપ્રમુખે અવાજ ઉઠાવ્યો હતો. જેમાં તેઓએ ભાજપ મોવડી મંડળ સમક્ષ કરેલી રજુઆત બહેરા કાને અથડાઈને પરત ફરતા તેઓએ પ્રશાસનન સમક્ષ દાદ માંગી હતી. જોકે, ત્યાં પણ તેઓને ન્યાય ન મળતા તેઓએ આત્મવિલોપનની ચિમકી ઉચ્ચારતા ચકચાર મચી જવા પામી હતી. ખુદ ભાજપ શાસિત પાલિકાના ઉપપ્રમુખે જીલ્લા પ્રશાસન સામે ન્યાયની ગુહાર લગાવતા આગામી ૧૪ દિવસમાં ન્યાય નહી મળે તો કલેક્ટર કચેરી સમક્ષ આત્મવિલોપન કરવાની લેખિત ચિમકી આપતા ખુદ પ્રશાસન સહીત ભાજપ મોવડીમંડળ પણ હરકતમાં આવી ગયું હતું. દરમિયાન, આજે અંતિમ દિને કલેક્ટર ધ્વારા નગરપાલિકા નિયામકને અહેવાલ સુપ્રત કરી દેવાયો હોવાનો લેખિત પત્ર પાલિકા ઉપપ્રમુખને આપી દેવાતા આત્મવિલોપન પ્રકરણનો સુખદ અંત આવ્યો હતો.

ભાજપ શાસિત પાલનપુર નગરપાલિકાના રાજમાં ખુદ પાલિકાના ઉપપ્રમુખ અમૃતભાઈ દાઢીએ ભાજપ શાસિત પાલિકામાં ચાલતી ગેરરીતીઓ સામે બાંયો ચડાવી નગરપાલિકા નિયામક સમક્ષ લેખિત રજુઆતો કરી હતી. જેની તપાસ દરમિયાન ખુદ જીલ્લા પ્રશાસને ભારે વિલંબ દાખવતા પાલિકા ઉપપ્રમુખે આત્મવિલોપનની ચિમકી આપતા ચકચાર મચી જવા પામી હતી. જેના પગલે હરકતમાં આવેલા તંત્રએ તાકીદે પાંચે નોટીસનો રેર્કડ આધારીત સ્વયં સ્પષટ અહેવાલ રજુ કરવાની કવાયત હાથ ધરી હતી. દરમિયાન આજે ૨૫મી મે ના રોજ આત્મવિલોપન કરવાની ઘડી નજીક આવતા સવારથી જ પોલીસ સર્તક બની હતી. પોલીસે કલેકટર કચેરીના પ્રાંગણમાં બાજ નજર તળે પહેરો ભર્યો હતો. દરમિયાન, પાલિકાના ઉપપ્રમુખને કલેકટરની ચેમ્બરમાં પોલીસ પહેરા તળે લઈ જવાયા હતા. જયાં ખુદ કલેકટર ધ્વારા તેઓની માંગ મુજબ ગેરરીતીઓ અંગેનો અહેવાલ નગરપાલિકાના નિયામક ગાંધીનગર ખાતે આજે મોકલી દેવાયો હોવાનો લેખિત પત્ર સુપ્રત કર્યો હતો. જેને પગલે વિવાદીત પ્રકરણનો અંત આવ્યો હતો. દરમિયાન, પાલિકા ઉપપ્રમુખ અમરતભાઈ જોશીએ પણ તેમની માંગણી મુજબ દિન-૧૪માં અહેવાલ નગરપાલિકા નિયામકને સુપ્રત કરાતા પોતાની માંગણી સંતોષાઈ ગઈ હોઈ હાલ પુરતો આ પ્રકરણનો અંત આવ્યો હોવાનું જણાવ્યું હતું. આમ, પાલિકા ઉપપ્રમુખના આત્મવિલોપન પ્રકરણનો સુખદ અંત આવતા ચોકન્ની બનેલી પોલીસ અને પ્રશાસને પણ હાશકારો અનુભવ્યો હતો. જોકે, હવે આ જંગ નગરપાલિકા નિયામક સમક્ષ ગયો છે. ત્યારે આવનારા દિવસોમાં પાલિકાની ગેરરીતીઓ અંગે કોઈ ગંભીર પગલાં ભરાશે કે પછી કોથળામાંથી બિલાડું નીકળશે તેના પર નગરજનોની મીટ મંડાઈ છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

## કોંગ્રેસના સાંસદ ઘેરાવો કાર્યક્રમને પગલે ભયભીત સાંસદ દિપસિંહ રાઠોડના ઘરે પોલીસ પહેરો મુકાયો

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ભાજપના શાસનમાં મોંઘવારીએ માઝા મુકી છે. મધ્યમ કે ગરીબ વર્ગને જીવન જીવવું દોહ્યલુ છે. કિસાનોના માથે દેવાના સ્તર વધ્યા છે. પાણી, વીજળી, મોંઘવારીના પ્રશ્નો ભાજપને પ્રજા સમક્ષ ખુલ્લો પાડવા પ્રજાની ચિંતા કર્યા સિવાય મોટરોમાં મહાલી માત્રને માત્ર પ્રોગ્રામ પ્રસિદ્ધમાં દોડતા સંસદ સભ્યોને ભાન કરાવવા માટે તા. ૨૭-૫-૨૦૧૫ના રોજ કોંગ્રેસ દ્વારા સાંસદ ઘેરાવો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ત્યાં જ પોલીસે સંસદ સભ્યના ઘરે પોલીસ પહેરી મુકતા ઘેરાવાના કાર્યક્રમને ઓછી પ્રતિસાદ પ્રાંતિજ તાલુકામા મળવા પામ્યો છે.

જોકે પ્રાંતિજ પોલીસે સંસદસભ્ય રાઠોડના વાઘપુર નિવાસસ્થાન તથા સ્કૂલ પાસે પોલીસ જમેલો ઉતારી દીધો હતો ને સાંસદ સવારથી જ બહાર જતા રહ્યા હોવાનું જાણવા મળ્યું હતું.

## દાંતીવાડા નવોદય વિદ્યાલયે ધોરણ-૧૨ સાયન્સમાં પરિણામોમાં ૧૦૦ ટકા સફળતા મેળવી

ડીસા, તા. ૨૬

તાજેતરમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સી.બી.એસ.ઈ. રીઝલ્ટો જાહેર થયા હતા. જેમાં બનાસકાંઠાના દાંતીવાડા ખાતે આવેલ જવાહર નવોદય વિદ્યાલયના વિદ્યાર્થીઓએ ભારે સફળતા મેળવી હતી અને ૧૦૦ ટકા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થતા શાળા આચાર્ય એમ.આર. સૂર્યવંશી અને શિક્ષણ ગણે તમામને ભાવિ કારકિર્દીની શુભેચ્છા પાઠવી હતી.

ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના સી.બી.એસ.ઈ. દ્વારા જાહેર થયેલા પરિણામોમાં નવોદય વિદ્યાલય દાંતીવાડાના તમામ ૧૦૦ ટકા વિદ્યાર્થી ફર્સ્ટ ક્લાસ ડીવીઝન મેળવવામાં સફળ રહ્યા હતા. એટલું જ નહિ કેમેસ્ટ્રી વિષયમાં વિદ્યાર્થીઓએ સરેરાશ ૮૮.૮૯ ટકા, હિન્દી વિષયમાં સરેરાશ ૮૨.૩૫ ટકા માર્કસ મેળવ્યા હતા. સમગ્ર ગુજરાતમાં દાંતીવાડા નવોદય વિદ્યાલયનું આ પરિણામ નોંધપાત્ર બન્યુ હતુ. જ્યારે અન્ય વિષયોમાં પણ ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓએ સરેરાશ ૭૫ ટકા માર્કસ મેળવ્યા હતા. જેમાં આ વિદ્યાલયમાં અભ્યાસ કરતા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના દવે જીગરે ફર્સ્ટ રેન્કમાં ૮૯ ટકા જ્યારે થાવરાણી ધીરજે સેકન્ડ રેન્કમાં ૮૮ ટકા મેળવ્યા હતા.

# મોડાસામાં ગરમીનો પારો ૪૨.૫ ડિગ્રી

## અરવલ્લીમાં ગરમીના પ્રકોપથી બચવા લોકો ટોપી, દુપટ્ટા, ઉપરણના સહારે

મોડાસા, તા. ૨૬

સમગ્ર દેશમાં ઉનાળાના પ્રકોપથી કેટલાય લોકોના મૃત્યુ નિપજ્યા છે. ત્યારે ગુજરાત રાજ્ય સહિત અરવલ્લી જિલ્લામાં છેલ્લા કેટલાય દિવસોથી ઉનાળાએ રોદ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. વૈશાખી વાયરા વચ્ચે ગ્રીષ્મની તીવ્ર અસરોને ખાળવા જિલ્લાના પ્રજાજનો ટોપી, ઉપરણો અને દુપટ્ટાનો સહારો લઈ રહ્યા છે. આજે મોડાસા શહેરનું તાપમાન ૪૨.૫ ડિગ્રી પહોંચતા નગરજનો તોબા પોકારી ઉઠ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં અને મોડાસા શહેરમાં ગરમીના પ્રકોપથી બચવા પ્રજાજનો ટોપી, ઉપરણો, દુપટ્ટા, પાઘડી સહિત સુતરાઉ અને ખુલ્લા કાપડનો આશ્રય લઈ રહ્યા છે. જિલ્લામાં ઉનાળાની દેહ દઝાડતી ગરમીથી બચવા ફ્રીજ કે મીનરલ વોટર, આઈસ્ક્રીમ, બરફગોળા, શરબત, કોલ્ડ્રીક્સ સહિતના પેય પદાર્થોથી રાહત મેળવવા પ્રયત્નો કરી રહ્યા છે. વહેલી સવારથી જ વધતા-ઓછા ઉકળાટ અને શરીર દઝાડતી ગરમીથી રહીશોની દૈનિક કામગીરી ઉપર પણ વિશેષ અસર વર્તાઈ રહી છે. બપોરના ૧૨ વાગ્યા પછી બહાર નિકળવુ દુષ્કર થઈ પડતાં અમુક અપવાદોને બાદ કરતાં માર્ગો લગભગ શાંત થઈ જાય છે.

મોડાસા શહેરમાં આજે ગરમીનો પારો ૪૨.૫ ડિગ્રીએ પહોંચતા લોકો રીતસરના શેકાયા હતા. મોડાસા શહેરમાં આજે જાણે આકાશમાં અગનગોળા છોડ્યા હોય તેમ કાળઝાળ ગરમીનું મોજુ હાવી થઈ ગયુ હતુ. નગરજનો આજના સૂર્યદેવના પ્રકોપથી હેબતાઈ ગયા હતા. જ્યારે શહેરની બહેનો અને બહારગામથી આવતી વિદ્યાર્થીનીઓ હિટવેવથી અને સનસ્ટ્રોકથી બચવા દુપટ્ટા અને ઉપરણના સહારે ન છૂટકે માર્ગો પરથી પસાર થતી જોવા મળતી હતી. અસહ્ય ગરમીથી પ્રજાજનો તોબા પોકારી ઉઠ્યા છે અને ચાતક નજરે ચોમાસાની રાહ જોઈ રહ્યા છે.




(તસવીર : જય અમીન, મોડાસા)

# ખેડબ્રહ્માના કલ્લેકામાં લીઝની જગ્યા માટે ઝગડો થતા ફરીયાદ

ખેડબ્રહ્મા, તા. ૨૬

ખેડબ્રહ્મા તાલુકાના કલ્લેકા ગામ પાસેથી પસાર થતી સાબરમતી નદીની રેતીની લીઝ માટે બોલાચાલી બાદ ગડદાપાટુનો માર તથા પેઢાના ભાગે લાત મારી ઈજા પહોંચાડવાના બનાવ સંદર્ભે ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ત્રણ ઈસમો વિરૂદ્ધ ફરીયાદ નોંધાવા પામી છે.

આ અંગે મળતી વિગતો અનુસાર કલ્લેકા ગામના રબારી લાલજીભાઈ રામજીભાઈ રવિવારે તેમની મોટરસાઈકલ નંબર જીજે૧૮સીબી૭૯૨૪ લઈ કલ્લેકા બાજુથી આવતા હતા. દરમિયાન તેમના મોબાઈલની રીંગ વાગતાં તેઓ ઉભા રહ્યા હતા અને વાત ચાલુ કરતાં ઉચીધનાલ બાજુથી ઈનોવા ગાડી આવી હતી. અને કારમાંથી અમૃતભાઈ સેંધાભાઈ રબારી ઉતર્યા હતા અને ગાળો બોલી આ લીઝ ઉપર મારા મશીન ચાલે છે તેમ છતાં તારો શેઠ બહાર ગામથી આવી અમારી જગ્યા ઉપર ધંધો કરે છે તેમ કહી પેઢાના ભાગે લાત મારી નીચે પછાડી દઈ ગડદાપાટુનો માર મારી ઈજા પહોંચાડી હતી. જેમાં ભીખાભાઈ રબારી તથા નાનજીભાઈ રબારી ઈનોવા કારમાં સાથે આવ્યા હતા. તેઓએ ઈજા પહોંચાડવામાં મદદગારી કરી હતી. ઈજાગ્રસ્ત લાલજીભાઈને કલ્લેકાના મહેન્દ્રસિંહ કકુસિંહ દેવડાએ સારવાર માટે ખેડબ્રહ્મા જનરલ હોસ્પિટલમાં ખસેડ્યા હતા.

આ અંગે લાલજીભાઈ રબારીએ અમૃતભાઈ સેંધાભાઈ રબારી, ભીખાભાઈ રબારી તથા નાનજીભાઈ રબારી વિરૂદ્ધ ખેડબ્રહ્મા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# પાલનપુરમાં રીક્ષાચાલકો માટે ડ્રાઈવિંગ લાયસન્સ વિતરણ કેમ્પ યોજાયો

પાલનપુર, તા. ૨૬

બનાસકાંઠા પોલીસ અને આરટીઓ વિભાગ પાલનપુરના સંયુકત ઉપક્રમે જિલ્લાના રીક્ષા ચાલકો માટે ડ્રાઈવીંગ લાયસન્સ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

પ્રોએકટીવ ગવર્નન્સ વીકની ઉજવણીના ભાગ રૂપે પાલનપુરના ગુરૂનાનક ચોક વિસ્તારમાં ટ્રાફિક જાગૃતિના અભાવે જુદા જુદા કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેમાં ખાસ બનાસકાંઠા જિલ્લાના રીક્ષા ચાલકોને ડ્રાઈવિંગ લાયસન્સનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત મહિલા સશકિત કરણ અંતર્ગતશાળા-કોલેજની યુવતીઓ -વિદ્યાર્થીનીઓને પણ વાહનના લાયસન્સ આપવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરી, કલેકટર દિલીપ રાણા, પોલિસ વડા ચિરાગ કોરડીયા, હરેશ ચૌધરી, જે.બી. દેસાઈ વગેરે હાજર રહ્યા હતાં.

# પ્રાંતિજ હાઈસ્કૂલનું સાંસદના હસ્તે લોકાર્પણ

## ૪૫ લાખના ખર્ચે બનેલ ૧૦ નવિન રૂમોનું શાળાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું : સાત લાખના ખર્ચે બનાવવામાં આવનાર પાણીની પરબનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું

પ્રાંતિજ, તા. ૨૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ નગરપાલિકા સંચાલિત શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં સાબરકાંઠા-અરવવલ્લી જિલ્લાના સાંસદના હસ્તે નવીન બનાવેલ રૂમોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

પ્રાંતિજ ભાંખરીયા વિસ્તારમાં આવેલ અંગ્રેજોના વખતથી ચાલી આવતી શેઠ પી.એન્ડ.આર. હાઈસ્કૂલમાં જિલ્લા આયોજન મંડળની અને ૨૦૧૨-૧૩ની વિવેકાધીન ગ્રાન્ટ રૂ. ૨૫ લાખ અને બાકી ખુટતી રકમ રૂ. ૨૦ લાખ નગરપાલિકાના ફંડ દ્વારા તૈયાર થયેલ અદ્યતન સુવિધાવાળા ૧૦ રૂમોનું બિલ્ડીંગનું સાબરકાંઠા સાંસદ દ્વારા શાળાના વિદ્યાર્થીઓ માટે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જ્યારે શાળામાં બાળકોને શુદ્ધ પાણી મળી રહે તે માટે સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના ડીયુપી-૭૮ની સને ૨૦૧૪-૧૫ની ગ્રાન્ટમાંથી બનાવવામાં આવનાર સાત લાખના ખર્ચે અદ્યતન આર.ઓ. પ્લાન્ટસ સાથે પાણીની પરબનું ખાતમુહૂર્ત પણ સાંસદ દિપસિંહ રાઠોડના હસ્તે કરવામાં આવ્યું હતું. જ્યારે સાંસદે નગરપાલિકા કોર્પોરેટરોને પ્રજાલક્ષી કામો પ્રજાની સાથે પ્રજાના પ્રશ્નો સાથે ભાષણ દરમ્યાન ટકોર કરી હતી. જ્યારે આ પ્રસંગે જયસિંહ ચૌહાણ, વી.ડી. ઝાલા, સતિષ પંડ્યા, વિજયભાઈ પટેલ, પહેલાદભાઈ પ્રજાપતિ, શાળા પરિવાર તથા આમંત્રિત મહેમાનો સહિત પ્રાંતિજ વાસીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# તલોદની દેના બેંકના અણઘડ વહીવટથી વિમા યોજનામાં ખાતેદારોને નાહકના ધક્કા

## વિમા ફોર્મ સ્વીકારીને રસીદ અપાતી નથી તેમજ ફોર્મ સાથે પૂરાવાનો ખાતેદારો પાસે રખાતો આગ્રહ

તલોદ, તા. ૨૬

તલોદની દેના બેંકમાં મેનેજરની મરજી મુજબનો થઈ રહેલો અણઘડ વહીવટ ગ્રાહકોને પરેશાન કરી રહ્યો છે. દેશના વડાપ્રધાને નાગરીકોની સુરક્ષાની ચિંતા કરી વિમા યોજના બેંકસ મારફતે શરૂ કરી છે. જેમાં તલોદની દેના બેંક આ વિમા યોજનાના ફોર્મ સ્વીકારીને રસીદ તરત ન આપી ગ્રાહકોને પછીથી લઈ જવા જણાવે છે તેમજ ફોર્મ સાથે પુરાવા રજુ કરવાનો પણ આગ્રહ રખાય છે જેથી બેંકના ખાતેદારોમાં નાહકના ધક્કાથી સખત નારાજગી વ્યાપી છે.

તલોદ તાલુકો આશરે ૨૫ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે અને તાલુકાના ૯૦ જેટલા ગામોના નાગરીકો તલોદ સાથે તમામ બાબતોથી સંકલાયેલા છે. જેમાં નાગરીકોના બેંક ખાતા પણ તલોદની બેંકોમાં છે. તાજેતરમાં દેશના વડાપ્રધાને પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના તથા જીવન જયોતિ વિમા યોજના ભારતની બેંકોમાં ખાતા ધરાવતા નાગરીકો માટે શરુ કરી છે. જેથી તલોદ તાલુકાના નાગરીકો આ યોજનાનો લાભ લેવા ફોર્મ ભરીને જે તે બેંકમા જમા કરાવી રહ્યા છે અને તેની રસીદ મળ્યાનો સંતોષ પણ વ્યકત કરે છે.

પરંતુ તલોદની દેના બેંકના મેનેજર પુરોહિત ગ્રાહકોને વિમા યોજનાના ફોર્મની રસીદ તે સમયે સ્વીકારીને આપતા નથી અને પહેલી તારીખ પછી લઈ જવા જણાવે છે વધુમાં ફોર્મ સાથે ખરેખર કોઈ જ પુરાવાની જરૂરિયાત ન હોવા છતાં પુરાવાનો પણ આગ્રહ રખાય છે. આ અંગે મેનેજર પુરોહિતને પુછતાં તેઓએ જણાવ્યું હતું કે કઈ ભુલ હોય તો સુધારી શકાય તે મુખ્ય હેતુ છે પરંતુ અન્ય બેંક રસીદ આપે છે તેવા પ્રશ્નમાં જણાવ્યું હતુ કે તે જે તે બેંકનો વિષય છે. આમ મેનેજર પોતાની મરજી મુજબનો વહીવટ ચલાવી ખાતેદારોને નાહકના ધક્કા ખવડાવી રહ્યા છે. આ અંગે ગાંધીનગર ઝોનલ કચેરીએ જણાવ્યું હતું કે આ માટે બેંક મેનેજરને જણાવી ખાતેદારને રસીદ મળે તેવી વ્યવસ્થા કરાવું છું. દેશના વડાપ્રધાનની મહત્વાકાંક્ષી અને લોકોને ઉપયોગી એવી વિમા યોજનામાં તલોદ દેના બેંકના મેનેજરના મનસ્વી વહીવટથી લોકો વિમાથી વંચિત રહી જવાની શકયતા ઉભી થઈ છે જેથી તાત્કાલિક ધોરણે યોગ્ય પગલાં લેવાય તેવી પ્રબળ માંગ ખાતેદારોમાં ઉભી થઈ છે.


(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે બનાસકાંઠા કોંગ્રેસ દ્વારા ભારત સરકાર સામે તહોમતનામું મૂકી સાંસદના ઘેરાવનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો. જોકે, કોંગ્રેસની ભાજપ વિરોધી રેલીને પોલીસે અટકાવી ૨૦૦થી વધુ કોંગી કાર્યકરોની અટકાયત કરતા ચકચાર મચી જવા પામી હતી. કેન્દ્રની એન.ડી.એ. સરકારને એક વર્ષ પૂર્ણ થયું છે ત્યારે મોદી સરકારની નિષ્ફળતાને લોકો વચ્ચે લઈ જવા કોંગ્રેસ દ્વારા આજે સાંસદ ઘેરાવનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્ષ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર | TATA | ઓથોરાઈઝ્ડ ડીલર | Castrol | EXIDE INDUSTRIES LIMITED | BRIDGESTONE PASSION for EXCELLENCE | JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦